પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૫૧ | ૫ માર્ચ, ૨૦૨૨, શનિવાર; ફાગણ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# જેલેન્સ્કી યુક્રેન છોડી પોલેન્ડ ભાગ્યા : રશિયા

## યુક્રેનની રાજધાની કીવ પર કબજો લેવા રશિયન સેના આગળ ધસી રહી છે

મોસ્કો, તા. ૪

યુક્રેન-રશિયાનુ યુદ્ધ નવમા દિવસે વધુ ભીષણ બન્યુ છે. રશિયન આર્મી યુક્રેનની રાજધાની તરફ સતત આગળ વધી રહી છે. યુક્રેનની રાજધાની કીવ પર હવે કબ્જો હાથવેતમાં હોવાથી યુક્રેન પ્રમુખ જેલેન્સ્કી યુક્રેન છોડીને પોલેન્ડ પહોંચ્યા છે.

રશિયાએ યુક્રેન પર કબ્જો મેળવવા અને પોતાની શરતો પૂર્ણ કરાવવા યુક્રેન પર ભીષણ હૂમલો કરી દીધો છે. રશિયન આર્મી યુક્રેનના વિસ્તારો એક પછી એક કબ્જે કરી રહી છે. વિવિધ મોરચે બંને દેશોની આર્મી વચ્ચે ભીષણ જંગ ખેલાઈ રહ્યો છે. દિવસે ને દિવસે યુક્રેન પરના હૂમલાઓ વધુ તેજ બની રહ્યા છે. યુદ્ધનાં નવમા દિવસે રશિયન આર્મીએ યુક્રેનના રહેણાંક વિસ્તારોમાં ભારે હૂમલાઓ કર્યા હતા. રાજધાની કીવ પર એર સ્ટ્રાઈક કરવામાં આવતા આ હૂમલામાં ખૂબ ખાના-ખરાબીના અહેવાલ છે. કીવ પર કબ્જો લેવા રશિયન આર્મી પૂરેપૂરી તાકાત લગાવી રહી છે.



યુક્રેનની આર્મી શક્તિશાળી રશિયન આર્મીને ટક્કર આપવામાં પાછી પડી રહી છે. કીવ અને તેની આસપાસના વિસ્તારોમાં અંધાધૂંધી ફેલાઈ છે. કીવ પર રશિયાની આર્મી ગમે તે ક્ષણે કબ્જો લઈ શકે છે. આવી સ્થિતિમાં રશિયાના મીડિયાએ દાવો કર્યો છે કે યુક્રેન પ્રમુખ જેલેન્સ્કી કીવ છોડી ચૂક્યા છે અને ભાગીને પોલેન્ડ પહોંચ્યા છે. રશિયન મીડિયા એજન્સી સ્પુતનીકે દાવો કર્યો છે કે જેલેન્સ્કીને કીવ પર કબ્જો મેળવવાનો અંદેશો આવી જતાં તેઓ ત્યાંથી ભાગી છૂટ્યા છે. એ પણ દાવો કરવામાં આવી રહ્યો છે કે આજે રાત્રે રશિયાની આર્મી ગમે ત્યારે કીવ પર કબ્જો લઈ શકે છે.

રશિયાની આર્મી બોમ્બમારો અને એરસ્ટ્રાઈક કરીને યુક્રેનમાં ખૂબ જ તબાહી મચાવી રહી છે. યુક્રેનના સૌથી મોટા ન્યુક્લીયર પાવર પ્લાન્ટ પર રશિયાએ કબ્જો મેળવી લીધો છે. આર્મીના હૂમલાઓ વધતા નાગરિકો પોતાના જીવ બચાવવા નજીકના દેશોમાં ભાગી રહ્યા છે. પોલેન્ડ, હંગેરી અને રોમાનિયા જેવા દેશોમાં સૌથી વધુ નાગરિકો શરણ લઈ રહ્યા છે. યુક્રેનના પ્રમુખ ભાગી છુટ્યા હોવાના અહેવાલો મળતા જ યુક્રેન આર્મીનું મનોબળ તુટી ગયુ છે. રશિયાની વિશાળ આર્મીનો સામનો કરવો હવે તેમના હાથની વાત રહી નથી. સૌથી વધુ કફોડી સ્થિતિ યુક્રેનના નાગરિકો અને ત્યાં અભ્યાસ કરવા ગયેલા વિદ્યાર્થીઓની છે.

## અચાનક એક પછી એક ધડાકા થતા સાતનાં મોત થયા

**ઘરમાં બોમ્બ બનાવવાનું કામ ચાલતું હતું : ધડાકા ભીષણ હતા જેણે ત્રણ મકાન જમીનદોસ્ત કર્યા આસપાસના અનેક મકાનોની દીવાલોને નુકસાન પહોંચ્યું**

ભાગલપુર,તા.૪

બિહારના ભાગલપુરમાં ગુરુવારે મોડી રાતે બોમ્બ ધડાકા થયા જેમાં અત્યાર સુધીમાં ૭ લોકોના મોત થઈ ચૂક્યા છે. જેમાં એક બાળક પણ સામેલ છે. વિસ્ફોટ ભાગપુરના તાતારપુર પોલીસ મથકના કાઝવલીચકના એક ઘરમાં થયો ત્યારબાદ સમગ્ર શહેરમાં હડકંપ મચી ગયો. ધડાકાની સૂચના મળતા જ પોલીસની ટીમ અફરાતફરીમાં ઘટનાસ્થળે પહોંચી અને બચાવ કાર્ય શરૂ કર્યું. ધડાકો એટલો જોરદાર હતો કે બિલ્ડિંગ સંપૂર્ણ રીતે તબાહ થઈ ગયું અને જમીનદોસ્ત થયું. પ્રત્યક્ષદર્શીઓનું માનીએ તો ધડાકા ખુબ ભીષણ હતા જેણે ત્રણ મકાન જમીનદોસ્ત કર્યા. આસપાસના અનેક મકાનોની દીવાલોને પણ નુકસાન પહોંચ્યું છે. ધ્વસ્ત થયેલા મકાનનો કાટમાળ ઘટનાસ્થળેથી લગભગ ૨૦૦થી ૩૦૦ મીટર સુધી વેરાયેલો જોવા મળ્યો. બાજુમાં સૂઈ રહેલા લોકો પણ ઈજાગ્રસ્ત

● અનુસંધાન પાના ૭ પર

## રશિયાની સેનાના હુમલાથી યુક્રેનના ન્યૂક્લિયર પ્લાન્ટમાં આગ લાગી

કીવ,તા.૪

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધનો આજે નવમો દિવસ છે. હાલાત બદથી બદતર થઈ રહ્યા છે. શક્તિશાળી રશિયા સતત યુક્રેનને વેરવિખેર કરવામાં લાગ્યુ છે. બંને બાજુથી જાનમાલનું ખુબ નુકસાન થઈ રહ્યું છે. આ બધા વચ્ચે એક ચિંતાજનક સમાચાર એ છે કે ઢર્ફ્રૈડિરડરૈદ્ગ ઁહૃદ્ઘક્રજં પ્રાંતના એનરહોદર શહેરમાં રશિયાએ મોટો હુમલો કર્યો છે. યુક્રેની અધિકારીનો દાવો છે કે આ હુમલા બાદ ઝેપોરીજિયા સ્થિત યુરોપના સૌથી મોટા પરમાણુ ઉર્જા



કેન્દ્રમાંથી ધુમાડાના ગોટેગોટા જોવા મળી રહ્યા છે. યુક્રેનના વિદેશમંત્રી દિમિત્રો કુલેબાએ ટ્વીટ કરીને કહ્યું કે રશિયન સેના યુરોપના સૌથી મોટા પરમાણુ પાવર પ્લાન્ટ ઝાપોરિઝજયા એનપીપી પર ચારેબાજુથી ગોળીબાર કરી રહી છે. તેમણે કહ્યું કે આગ પહેલેથી લાગી ચૂકી છે. વિદેશ મંત્રી દિમિત્રો કુલેબાએ આગ લાગ્યા બાદ રશિયન સૈનિકોને યુરોપના સૌથી મોટા પરમાણુ પ્લાન્ટ પર હુમલો બંધ કરવા જણાવ્યું છે. તેમણે ટ્વીટ કરીને કહ્યું કે જો આ ઉડ્યું તો અહીં ચેર્નોબિલથી પણ ૧૦ ગણો મોટો વિસ્ફોટ થશે. રશિયનોએ આ

● અનુસંધાન પાના ૭ પર

## યુનોની પરિષદમાં રશિયાના નિંદા પ્રસ્તાવથી ભારત અળગું રહ્યું

રશિયા અંગે ભારતના વલણમાં કોઈ ફેરફાર થયો નથી. ફરી એકવાર તે રશિયાની નિંદાના પ્રસ્તાવ પર તટસ્થ રહ્યા. આ પ્રસ્તાવ સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદમાં લાવવામાં આવ્યો હતો. કાઉન્સિલે તેનો ૩૨ મતોથી સ્વીકાર કર્યો હતો. ભારત અને ચીન સહિત ૧૩ દેશોએ તેમાં ભાગ લીધો ન હતો. શુક્રવારે સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદમાં રશિયાની નિંદા કરતા પ્રસ્તાવથી ભારત ફરી દૂર રહ્યું. આ પ્રસ્તાવ યુક્રેનમાં રશિયાની સૈન્ય કાર્યવાહીમાં માનવાધિકારના ઉલ્લંઘનના સંદર્ભમાં લાવવામાં આવ્યો હતો. તેને જંગી મતોથી અપનાવવામાં આવ્યું હતું. દરખાસ્તની તરફેણમાં ૩૨ સભ્યોએ મતદાન કર્યું હતું. તેમાં ભારત સહિત ૧૩ દેશોએ ભાગ લીધો ન હતો. તે જ સમયે, બેએ પ્રસ્તાવની વિરુદ્ધમાં મતદાન કર્યું હતું. આ સાથે માનવ અધિકાર ઉલ્લંઘનની તપાસ માટે ત્રણ સભ્યોના તપાસ પંચની રચનાને મંજૂરી આપવામાં આવી હતી. યુક્રેન પરના હુમલા બાદ સંયુક્ત રાષ્ટ્રની અલગ-અલગ સંસ્થાઓ રશિયા વિરુદ્ધ નિંદા પ્રસ્તાવ લાવી છે. આમાં સુરક્ષા પરિષદ (યુએનએસસી) અને જનરલ એસેમ્બલી (યુએનજીએ)નો સમાવેશ થાય છે. ભારતે આમાંથી કોઈપણ પ્રસ્તાવ પર મતદાનમાં ભાગ લીધો નથી. તેણે આ સમગ્ર મામલે તટસ્થ વલણ અપનાવ્યું છે.



કાશીમાં મોદીનો ભવ્ય રોડ શૉ : ઉત્તરપ્રદેશના અંતિમ તબક્કામાં પ્રવેશેલા ચૂંટણી જંગ ભારે રસપ્રદ બની રહ્યો છે. સાતમા ચરણના પ્રચાર અર્થે મોદીએ પોતાના ગઢમાં ભવ્ય રોડ શૉ કરી ભારતીય જનતા પાર્ટી માટે પૂર્વાંચલમાં ભારે હવા ઉભી કરી હતી. હર હર મહાદેવ, ઘર ઘર મોદીના સૂત્રોચ્ચાર વચ્ચે સવા ત્રણ કિલોમીટર લાંબા રોડ શૉમાં હજ્જારો ભાજપના શુભેચ્છકો અને કાર્યકરો જોડાયા હતા. સરદાર પટેલની પ્રતિમાને નમન કરી આરંભાયેલો રોડ શૉ બનારસ હિન્દુ વિશ્વ વિદ્યાલય ખાતે પંડિત મદનમોહન માલવિયાની પ્રતિમાને પુષ્પાંજલિ આપી સમાપ્ત થઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી હજુ દોઢ દિવસ વારાણસીમાં રોકાવાના છે.

## રશિયા-યુક્રેન વચ્ચે મધ્યસ્થી બનવા સાઉદી અરબ તૈયાર

રિયાધ, તા.૪

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા જંગમાં સાઉદી અરબે મધ્યસ્થીની ઓફર કરી છે. સાઉદીના ક્રાઉન પ્રિન્સ મહોમ્મદ બિન સલમાને ગુરુવારે કહ્યુ હતુ કે, યુક્રેન સંકટને લઈને બંને પક્ષો વચ્ચે સાઉદી મધ્યસ્થી બનવા માટે તૈયાર છે.તેમણે રશિયન રાષ્ટ્રપતિ પુતિન સાથે પણ વાત કરી હતી અને કહ્યુ હતુ કે, રશિયા અને યુક્રેન વચ્ચેના તનાવનુ રાજકીય સમાધાન કરી શકાય તેવા તમામ પ્રયાસોનુ સાઉદી અરબ સમર્થન કરશે.

સાઉદીના મીડિયા રિપોર્ટ પ્રમાણે પ્રિન્સ સલમાને પુતિનને કહ્યુ હતુ કે, અમે તમામ પક્ષ વચ્ચે મધ્યસ્થતા કરવા માટે તૈયાર છે.એનર્જી માર્કેટ પર યુક્રેન સંકટનો જે પ્રભાવ પડી રહ્યો છે તે જોતા સાઉદી અરબ બજારમાં સ્થિરતા રહે તે માટે પણ સમર્થન આપવા તૈયાર છે.

## ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ ક્રિકેટર શેન વોર્નનું નિધન

નવી દિલ્હી, તા.૪

ક્રિકેટ જગતમાંથી સૌથી દુખભર્યા સમાચાર સામે આવી રહ્યા છે. ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ પૂર્વ ક્રિકેટર અને વિશ્વના મહાન સ્પિનરોમાં સામેલ શેન વોર્નનું હાર્ટ એટેકને કારણે ૫૨ વર્ષની ઉંમરે નિધન થયું છે. શેન વોર્ને ટેસ્ટ ક્રિકેટમાં ૭૦૮ વિકેટ ઝડપી હતી. આ સિવાય વનડે કરિયરમાં તેના નામે ૨૯૩ વિકેટ છે. શેન વોર્નનો જન્મ ૧૩ સપ્ટેમ્બર ૧૯૬૯માં થયો હતો.

શેન વોર્નના નિધન સમાચાર મળતા ક્રિકેટ જગતમાં શોકની લહેર જોવા મળી છે. અનેક



પૂર્વ અને વર્તમાન ક્રિકેટરો તેમને શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે. પ્રાપ્ત જાણકારી પ્રમાણે વોર્ન થાઈલેન્ડમાં હતા અને ત્યાં તેમને હાર્ટ એકેટ આવ્યો. ત્યારબાદ તેમનું નિધન થયુ છે. શેન વોર્ને ઓસ્ટ્રેલિયા માટે ૧૯૯૨માં ટેસ્ટ ક્રિકેટમાં પર્દાપણ કર્યુ હતું. ઓસ્ટ્રેલિયા માટે શેન વોર્ને ૧૪૫ ટેસ્ટ મેચ રમી હતી, જેમાં તેણે ૭૦૮ વિકેટ ઝડપી છે. શેન વોર્નને બોલ ઓફ ધ સેન્ચુરી માટે પણ ઓળખવામાં આવે છે. આ સિવાય શેન વોર્ને ૧૯૧ વનડે મેચમાં ૨૯૩ વિકેટ ઝડપી હતી. તો આઈપીએલમાં શેન વોર્ને ૫૫ મેચમાં ૫૭ વિકેટ ઝડપી હતી.

## દેશના પૂર્વ સેનાધ્યક્ષ જનરલ એસએફ રોડ્રિગ્સનું અવસાન

નવી દિલ્હી, તા.૪

પૂર્વ સેનાધ્યક્ષ જનરલ એસએફ રોડ્રિગ્સનુ આજે નિધન થઈ ગયુ છે. તેમનો જન્મ ૧૯૩૩માં બોમ્બેમાં થયો હતો. તેઓ ૧૯૯૦થી ૧૯૯૩ સુધી ભારતીય સેનાના પ્રમુખ હતા. તેમણે ૮ નવેમ્બર ૨૦૦૪એ પંજાબના રાજ્યપાલ અને કેન્દ્ર શાસિત પ્રદેશ ચંદીગઢના વહીવટીતંત્ર તરીકે નિયુક્ત કરાયા હતા. ભારતીય સેનાએ એક ટ્વીટ દ્વારા તેમને શ્રદ્ધાંજલિ આપી છે. તેમાં કહેવામાં આવ્યુ છે કે સેના પ્રમુખ જનરલ એમએમ નરવણે અને ઈન્ડિયન આર્મીના તમામ રેંકના જનરલે સુનીથ ફ્રાંસિસ રોડ્રિગ્સના દુખદ નિધન પર સંવેદના વ્યક્ત કરી છે.

ભારતીય સેનાએ ટ્વીટ કરી કહ્યુ કે તેમને એક વિચારક અને રણનીતિકાર તરીકે ઓળખવામાં આવતા હતા. તેઓ પોતાની પાછળ રાષ્ટ્ર માટે અત્યંત સમર્પણ અને સેવાનો વારસો છોડી ગયા છે.




## ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજનો ૨૪મો સમૂહ લગ્નોત્સવ

**વૈશાખ સુદ - ચૌદશ (૧૪)ને રવિવાર તા. ૧૫-૫-૨૦૨૨ના રોજ સમર્પણ કોલેજ સેક્ટર-૨૮ની બાજુમાં રાખવામાં આવેલ છે. સમાજના લગ્નોઉત્સુક દિકરા - દિકરીના લગ્ન નોંધણી માટેના ફોર્મ રાજપૂત સમાજ ભવન કાર્યાલય, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતેથી મેળવી લેવાના રહેશે. ફોર્મ ભરીને પરત આપતી વખતે :**

**૧. જન્મના દાખલાની પ્રમાણિત નકલ**
**૨. તાજેતરમાં પડાવાલે પાસપોર્ટ સાઈઝના ફોટા - ૨ કોપી**
**૩. નક્કી કરવામાં આવેલ ફી.**
**આ ત્રણ બાબતો ફરજિયાત રહેશે.**

નોંધ : ૨૪માં સમૂહ લગ્નમાં કારોબારી તેમજ સંકલન સમિતિમાં નક્કી થયા મુજબ વહેલા તે પહેલાના ધોરણે એકાવન (૫૧) વરઘોડિયા જ લેવાના હોવાથી પોતાના લગ્ન નોંધણી માટેના ફોર્મ ઝડપથી રજૂ કરવા. લગ્ન માટે દિકરાની ઉંમર ૨૧ વર્ષથી ઓછી નહીં અને દિકરીબાની ઉંમર ૧૮ વર્ષથી ઓછી ના હોવી જોઈએ. લગ્નોત્સુક ઉમેદવારોમાંથી ગમે તે એક ઉમેદવાર ગાંધીનગર જિલ્લાનો વતની હોવો જરૂરી છે. ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ : ૩૧-૩-૨૦૨૨ના રોજ સાંજના ૫.૦૦ કલાક સુધીની રહેશે.

**ખાસ નોંધ : કોઈપણ સંજોગોમાં આખરી નિર્ણય ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટને અબાધિત રહેશે.**
**મારફતે : ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ અને સંકલન સમિતિ, ગાંધીનગર**

**ડો. શંકરસિંહ રાણા**
પ્રમુખશ્રી,
ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ

**શ્રી પ્રવિણસિંહ એલ. ડાભી**
અધ્યક્ષશ્રી,
લગ્ન સમિતિ સમૂહ લગ્નોત્સવ

**શ્રી ભરતસિંહ બિહોલા**
મહામંત્રીશ્રી,
ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ

**શ્રી રતનસિંહ વાઘેલા**
કાર્યકારી અધ્યક્ષ,
જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ

**શ્રી દશરથસિંહ એલ. વાઘેલા**
કન્વીનરશ્રી, જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ, ગાંધીનગર